### અમદાવાદના ચાંદખેડાના ખીરા કાંડ મોતમાં મોટો ખુલાસો

# ઢોસા કાંડ: બાળકીના મૃતદેહમાંથી 'એશિનોબેક્ટર બાઉમાની બેક્ટેરિયા મળ્યા

**સેપ્ટિસેમિયા** અને ફેફસાંમાં પાણી ભરાવાને કારણે મિસ્ટીનું મોત થયું હોવાનો પીએમ રિપોર્ટ

અમદાવાદઃ અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોંસાનું ખીરું ખાધા બાદ બે માસૂમ બાળકીના મોતના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. ત્રણ વર્ષની મૃતક બાળકી મિસ્ટી પ્રજાપતિનો પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બેક્ટેરિયલ ઈન્ફેક્શન (ચેપ)ના કારણે થયું હોવાનું તબીબી પરીક્ષણમાં બહાર આવ્યું છે. બાળકીના શરીરમાંથી Acinobacter Baumanii (એશિનોબેક્ટર બાઉમાની) નામનો જોખમી બેક્ટેરિયા મળી આવ્યો છે. તબીબી અહેવાલ મુજબ બાળકીના શરીરમાંથી એશિનોબેક્ટર બાઉમાની નામનો જોખમી બેક્ટેરિયા હોવાનું બહાર આવ્યુ છે. આ બેક્ટેરિયાના કારણે બાળકીના શરીરમાં ગંભીર પ્રકારનો ચેપ ફેલાયો હતો, જેને પગલે બેક્ટેરિયલ સેપ્ટિસેમિયાની સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થિતિમાં ઝેરી અસર લોહી મારફતે આખા શરીરમાં પ્રસરી જાય છે અને શરીરના મુખ્ય અંગો પર તેની ગંભીર અસર થાય છે. આ ઈન્ફેક્શનના કારણે બાળકીના ફેફસાંમાં સોજો આવી ગયો હતો અને પાણી ભરાઈ ગયું હતું (લંગ એડિમા). આના કારણે માસૂમને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી હતી અને અંતે તેનું હૃદય તેમજ શ્વાસ પ્રણાલી બંને કાર્ય કરતાં બંધ થઈ ગયા હતા, જેને તબીબી ભાષામાં કાર્ડિયોરેસ્પિરેટરી ફેલ્યોર કહેવામાં આવે છે.

#### શું છે સમગ્ર મામલો

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, અમદાવાદના ચાંદખેડાના મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ સ્થાનિક 'ધનશ્યામ ડેરી'માંથી ઢોંસાનું ખીરું લાવ્યા હતા. આ ખીરામાંથી બનાવેલા ઢોંસા ખાધા બાદ પરિવારની તબિયત અચાનક લથડી હતી. જેમાં ઝેરી અસર અથવા ઇન્ફેક્શનના કારણે 3 મહિનાની રાહા અને આશરે 3 વર્ષની મિસ્ટી નામની બે સગી બહેનોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. પહેલા બંને દિકરીઓના મૃત્યુ પાછળ ખીરા દ્વારા બનાવેલા ઢોસા ખાધા બાદ આ બન્યુ હોવાનું મૃતકના માતા-પિતાએ આક્ષેપ કર્યો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતાં ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને તમામ દિશાઓમાં ઊંડી તપાસ શરૂ કરી દીધી છે. ખીરાની ગુણવત્તા અને તેમાં રહેલાં જોખમી તત્ત્વોની સચોટ માહિતી મેળવવા માટે એફએસએલ (FSL)ની ટીમે ધનશ્યામ ડેરી પરથી ખીરાના સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. પીએમ રિપોર્ટમાં થયેલા આ ચોંકાવનારા ખુલાસા બાદ હવે પોલીસ કાનૂની અને તબીબી નિષ્ણાતોની મદદ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે.

## લ્યો બોલો, પાણીપુરીમાંથી હાડકું નીકળ્યું

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં ખાણી-પીણીની વસ્તુઓમાં અખાદ્ય પદાર્થો અને જીવાત નીકળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના રાણીપ બસ સ્ટેન્ડ પાસે આવેલી 'ક્રિષ્ણા પાણીપુરી' નામની લારી પર પાણીપુરી ખાવા ગયેલી એક યુવતીની પ્લેટમાંથી હાડકાનો ટુકડો નીકળતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અમદાવાદ મનપાનાં આરોગ્ય અને ફૂડ વિભાગએ પાણી પુરીની લારી સીલ કરી દસ હજારનો દંડ ફટકાવ્યો હતો.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયોમાં યુવતીએ ગંભીર આક્ષેપો કરતાં કહ્યું હતુ કે, શરૂઆતમાં જ્યારે તેની માતાએ પાણીપુરી ખાધી ત્યારે તેમાંથી વાળ નીકળ્યો હતો, જેને તેમણે સામાન્ય ગણીને નજરઅંદાજ કર્યો હતો. પરંતુ જ્યારે છેલ્લી પાણીપુરી ખાવામાં આવી, ત્યારે તેમાંથી હાડકાનો એક મોટો ટુકડો નીકળ્યો હતો. બીજી તરફ, આ મામલે લારી સંચાલકે બચાવ કરતાં કહ્યું કે તે હાડકું નહીં પરંતુ લાકડાનો ટુકડો હતો.

# મધ્ય પ્રદેશની હાઈ કોર્ટે ભોજશાળાની મસ્જિદને સરસ્વતી મંદિર તરીકે જાહેર કર્યું

ધારની ભોજશાળાના લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટની ડબલ બેન્ચે હિન્દુ સમુદાયના પક્ષમાં ચુકાદો આપતાં ભોજશાળાને મા સરસ્વતી અથવા મા વાગ્દેવીનું મંદિર ગણાવ્યું છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચમાં જસ્ટિસ વિજયકુમાર શુક્લા અને જસ્ટિસ આલોક અવસ્થીની ડિવિઝન બેન્ચે પાંચ અરજીઓ અને ત્રણ હસ્તક્ષેપો બાદ આ નિર્ણય આપ્યો છે. હાઈ કોર્ટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) પાસે ભોજશાળા સંકુલનું રક્ષણ જાળવી રાખીને અહીં હિન્દુ પક્ષને પૂજા કરવાનો અધિકાર આપ્યો છે. આ મામલે જૈન પક્ષે પણ કોર્ટમાં અરજી કરી હતી. જૈન સમુદાયનાં અરજદારોએ દલીલ કરી હતી કે આ સંકુલમાંથી જે મૂર્તિ મળી આવી હતી તે જૈન પરંપરા મુજબની મૂર્તિ હતી, જે અત્યારે લંડનના મ્યુઝિયમમાં છે.

મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું કે ભોજશાળા સંકુલ અને કમલ મૌલા મસ્જિદના વિવાદિત વિસ્તારનું ધાર્મિક સ્થાન ભોજશાળા અને દેવી વાગ્દેવી સરસ્વતીના મંદિર તરીકે ગણવામાં આવે છે. યાત્રાળુઓને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી, કાયદો અને વ્યવસ્થા જાળવવી અને દેવતાઓની પવિત્રતા જાળવવી અને તેમના મૂળ સ્વરૂપનું જતન કરવું એ બંધારણીય ફરજ છે. અમને જાણવા મળ્યું છે કે આ સ્થાન પર હિન્દુ પૂજાનું સાતત્ય સમય જતાં ક્યારેય સમાપ્ત થયું નથી. હાઈ કોર્ટે કહ્યું કે આ કેસમાં પુરાતત્ત્વીય અને ઐતિહાસિક તથ્યો અને અયોધ્યા કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા સ્થાપિત સિદ્ધાંતોના આધારે તે પોતાના નિષ્કર્ષ પર પહોંચી છે. કોર્ટે વધુમાં કહ્યું કે જ્યાં સુધી અરજદારોની લંડન મ્યુઝિયમમાંથી દેવી સરસ્વતીની મૂર્તિ પાછી લાવવાની અને તેને ભોજશાળા સંકુલમાં ફરીથી સ્થાપિત કરવાની માંગણીનો સંબંધ છે, ત્યાં સુધી અરજદારોએ ભારત સરકારને પહેલાથી જ ઘણી રજૂઆતો કરી છે. ભારત સરકાર લંડન મ્યુઝિયમમાંથી દેવી સરસ્વતીની મૂર્તિ પાછી લાવવાની અને તેને ભોજશાળા સંકુલમાં ફરીથી સ્થાપિત કરવા અંગેની આ રજૂઆતો પર વિચાર કરી શકે છે. મુસ્લિમ સમુદાયના ધાર્મિક અધિકારોનું રક્ષણ કરવા અને પક્ષકારો વચ્ચે સંપૂર્ણ ન્યાય સુનિશ્ચિત કરવા માટે, જો મુસ્લિમ પક્ષ ધાર જિલ્લામાં મસ્જિદના નિર્માણ માટે યોગ્ય જમીન ફાળવવા માટે અરજી રજૂ કરે છે, તો રાજ્ય સરકાર કાયદા અનુસાર આવી અરજી પર વિચાર કરી શકે છે અને મુસ્લિમ સમુદાયને યોગ્ય જમીન ફાળવી શકે છે.મુસ્લિમ પક્ષ વતી એડવોકેટ અશર વારસીએ કહ્યું કે તેઓ આ નિર્ણયથી સંતુષ્ટ નથી. હાઈ કોર્ટે તે સ્થળને મંદિર જાહેર કર્યું છે, જેને પહેલાં મસ્જિદ માનવામાં આવતી હતી. અમને કહેવામાં આવ્યું છે કે જમીન



બીજી જગ્યાએ આપવામાં આવશે. અમે સમગ્ર નિર્ણયનો વિગતવાર અભ્યાસ કરીશું અને જો અમારા મુદ્દાઓને સંતોષકારક રીતે ધ્યાનમાં લેવામાં નહીં આવે, તો અમે ચોક્કસપણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરીશું. અત્યારે કોર્ટે તેને મંદિર માન્યું છે, તેથી ત્યાં નમાજ અદા કરવામાં આવશે નહીં. કોર્ટે મુખ્યત્વે ASI રિપોર્ટના આધારે પોતાનો નિર્ણય આપ્યો છે, પરંતુ અમે આ રિપોર્ટને પણ પડકારીશું. સર્વે કરવાની પદ્ધતિ સાચી ન હતી અને અમારાં તથ્યો પર્યાપ્ત રીતે ધ્યાનમાં લેવામાં આવ્યાં ન હતાં. અમારો દાવો હજુ પણ એટલો જ છે કે આ મિલકત ૭૦૦ વર્ષથી મુસ્લિમ સમુદાયની છે. આ દાવો જૂના રાજ્ય ગેઝેટ અને ASIના આદેશો પર આધારિત છે.

**ટુ ધ પોઇન્ટ** ▪ સંજય વોરા ▪

ધારમાં ભોજશાળા એ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) ના રક્ષણ હેઠળનું એક આશરે એક હજાર વર્ષ પુરાણું ઐતિહાસિક સંકુલ છે. હિન્દુ પક્ષ તેને દેવી સરસ્વતી અથવા વાગ્દેવીને સમર્પિત મંદિર અને શિક્ષણનું પ્રાચીન કેન્દ્ર તરીકે વર્ણવે છે, જ્યારે મુસ્લિમ પક્ષ તેને કમાલ મૌલા મસ્જિદ કહે છે. આ કેસમાં, બંને પક્ષો વ્યાપક અધિકારોની માંગણી કરી રહ્યા હતા. વર્તમાન વ્યવસ્થા હેઠળ હિન્દુ સમુદાયને મંગળવારે પૂજા કરવાની છૂટ છે, જ્યારે મુસ્લિમ સમુદાયને શુક્રવારે નમાજ અદા કરવાની છૂટ છે. આ સંકુલ અન્ય દિવસોમાં પ્રવાસીઓ માટે ખુલ્લું રહે છે.

૨૦૨૨ માં જ્યારે હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ અને અન્ય અરજદારોએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી ત્યારે આ વિવાદ કોર્ટમાં એક નવા તબક્કામાં પહોંચ્યો હતો. આ અરજીમાં ભોજશાળાના ધાર્મિક સ્વરૂપને નક્કી કરવા, હિન્દુ સમુદાયને નિયમિત પૂજાનો અધિકાર આપવા અને પરિસરમાં નમાજ પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરવામાં આવી હતી. આ પછી, હાઇકોર્ટે સંકુલનો વૈજ્ઞાનિક સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. ૨૦૨૪ માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ ૯૮ દિવસ સુધી સંકુલનો સર્વે કર્યો હતો. મુસ્લિમ પક્ષકારો સાથે સંકળાયેલી સંસ્થા મૌલાના કમાલુદ્દીન વેલ્ફેર સોસાયટી દ્વારા આ સર્વેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સર્વે પર રોક લગાવી ન હતી, પરંતુ રિપોર્ટને સીલબંધ રાખવાનો, પક્ષકારોને નકલો પૂરી પાડવાનો અને અંતિમ સુનાવણીમાં વાંધાઓ પર વિચાર કરવાનો આદેશ આપ્યો હતો.

તાજેતરની સુનાવણી દરમિયાન, કોર્ટે ૧૯૩૫ ની વહીવટી વ્યવસ્થા પર પણ ચર્ચા કરી હતી, જેના હેઠળ તત્કાલીન ધાર રાજ્યએ મુસ્લિમ સમુદાયને પરિસરમાં નમાજ અદા કરવાની મંજૂરી આપી હતી. મુસ્લિમ પક્ષે કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે આ સંકુલ લાંબા સમયથી કમાલ મૌલા મસ્જિદ તરીકે ઉપયોગમાં લેવાય છે અને સિવિલ કોર્ટને તેના ધાર્મિક સ્વભાવનો નિર્ણય લેવાનો અધિકાર છે. બીજી તરફ, હિન્દુ પક્ષે શિલાલેખો, સ્થાપત્ય અવશેષો, ઐતિહાસિક દસ્તાવેજો અને વસંત પંચમી પર પૂજા કરવાની પરંપરાનો ઉલ્લેખ કર્યો અને તેને મંદિર ગણાવ્યું.

તત્કાલીન મુખ્યમંત્રી દિગ્વિજય સિંહના કાર્યકાળ દરમિયાન, સામાન્ય લોકોના પ્રવેશ પર થોડા સમય માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને મંગળવારની પૂજા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બાદમાં, હિન્દુ સમુદાયને વસંત પંચમી પર પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને મુસ્લિમ સમુદાયને શુક્રવારે નિર્ધારિત સમયે નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવી હતી. ૧૯૯૮માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે આગામી આદેશ સુધી સંકુલમાં સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. ૨૦૦૩માં મંગળવારે ફરી પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. ASI ની હાલની વ્યવસ્થા હેઠળ, હિન્દુઓને મંગળવાર અને વસંત પંચમીના દિવસે અને મુસ્લિમોને શુક્રવારે પ્રાર્થના કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

૨૦૧૩માં વસંત પંચમી અને શુક્રવાર એક જ દિવસે હોવાથી ધારમાં તણાવ સર્જાયો હતો. પોલીસે વધારાની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી પડી હતી. ૨૦૧૬માં શુક્રવારે વસંત પંચમી પડી ત્યારે ફરી આવી જ સ્થિતિ સર્જાઈ હતી. વિસ્તારમાં તણાવ વધી ગયો હતો અને સુરક્ષા વ્યવસ્થા ફરી વધારી દેવામાં આવી હતી. ૨૦૨૨માં હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ અને અન્ય અરજદારોએ ભોજશાળાના ધાર્મિક સ્વભાવનું નિર્ધારણ કરવા અને હિન્દુ સમુદાયને વ્યાપક પૂજા અધિકારો આપવા માટે હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટે હિન્દુ પક્ષને વસંત પંચમી પર આખો દિવસ પૂજા કરવાની મંજૂરી આપી હતી. ત્યાર બાદ હાઇકોર્ટમાં એપ્રિલ અને મે મહિનામાં સુનાવણીઓ થઇ હતી, જેમાં ૧૯૩૫ના ચુકાદા, ASI સર્વે રિપોર્ટ અને ધાર્મિક દાવાઓની ચર્ચા કરવામાં આવી હતી. ૧૨ મેના રોજ સુનાવણી પૂર્ણ થયા બાદ હાઇકોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. ભોજશાળાની આસપાસ વહીવટી અને સાંપ્રદાયિક તણાવનો ઇતિહાસ પણ રહ્યો છે. ૨૦૦૩, ૨૦૧૩ અને ૨૦૧૬ માં, જ્યારે વસંત પંચમી અને શુક્રવાર એક જ દિવસે આવ્યા, ત્યારે ધારમાં તણાવ પેદા થયો, જેના કારણે બંને પક્ષો વચ્ચે હિંસા થઈ હતી. હાઇ કોર્ટના ચુકાદા સામે જૈન સમુદાય પણ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો વિચાર કરી રહ્યો છે.

**આ મામલે જૈન સમુદાયનાં અરજદારોએ દલીલ કરી હતી કે આ સંકુલમાંથી જે મૂર્તિ મળી આવી હતી તે જૈન પરંપરા મુજબની મૂર્તિ હતી, જે અત્યારે લંડનના મ્યુઝિયમમાં છે**

## રાજ્યના તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો, હીટવેવ યથાવત

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની ગરમીનો કહેર યથાવત રહ્યો છે. આજે અમદાવાદ અને રાજકોટમાં મહત્તમ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા આ બંને શહેર રાજ્યના સૌથી ગરમ શહેરો બન્યા હતા. જોકે છેલ્લા 24 કલાકની સરખામણીએ રાજ્યમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, છતાં અનેક શહેરોમાં ગરમીનો પ્રભાવ યથાવત રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે રાજ્યના અન્ય શહેરોમાં ભૂજમાં 38 ડિ.સે., નલિયામાં 35 ડિ.સે., કંડલા પોર્ટ પર 37 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 40 ડિ.સે., અમરેલીમાં 41 ડિ.સે., ભાવનગરમાં 39 ડિ.સે., પોરબંદરમાં 35 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 41 ડિ.સે., મહુવામાં 36 ડિ.સે., કેશોદમાં 36 ડિ.સે., ડીસામાં 39 ડિ.સે., ગાંધીનગરમાં 41 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિ.સે., વડોદરામાં 40 ડિ.સે., સુરતમાં 36 ડિ.સે., અને દમણમાં 34 ડિ.સે.,મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આજે આંદામાન-નિકોબાર વિસ્તાર અને બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે.

# જિલ્લા કક્ષાએ પ્રિ-મોન્સૂન બેઠક, મોકડ્રિલ પૂર્ણ કરવા તાકીદ

**ચોમાસા** દરમિયાન પૂરની આફતનો સામનો કરવા ડિઝાસ્ટર મેનેજમેન્ટની તૈયારી તેજ બની

**ડો. જયંતી** રવિની તમામ ઉપકરણોની ચકાસણી, શેલ્ટર હોમ તૈયાર રાખવા સૂચના

ગાંધીનગરઃ આગામી ચોમાસા દરમ્યાન પૂરની આફતને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈપણ પ્રકારની જાનહાનિ કે માલમત્તાના નુકસાનને ટાળવા માટે જિલ્લા કક્ષાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટની પૂર્વ તૈયારીઓ ઝડપી બનાવવા સૂચનાઓ આપવામાં આવી છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ તમામ જિલ્લાઓને વિગતવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા અને પ્રિ-મોન્સૂન બેઠક તાત્કાલિક પૂર્ણ કરવા તાકીદ કરી છે.

ચોમાસાની પૂર્વ તૈયારી અને સમીક્ષા સંદર્ભે ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતેથી તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર અને ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર (DPO) સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. બેઠકમાં અધિકારીઓને આગામી 15 દિવસ દરમિયાન તાલુકા કક્ષાએ હીટવેવ, પૂર અને અન્ય કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખીને વિવિધ મોકડ્રિલ યોજવા સૂચના આપવામાં આવી હતી. ડૉ. જયંતિ રવિએ ખાસ કરીને દરિયાકાંઠાના જિલ્લાઓમાં સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ વિશેષ મોકડ્રિલ યોજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સાથે જ આ અભ્યાસક્રમની સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા વ્યાપક જનજાગૃતિ થાય તે માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં "આપદા મિત્રો"ને તાલીમ આપીને તૈયાર કરવાની યોજનાની પણ ચર્ચા કરવામાં આવી હતી. દરેક ગામ માટે આપદા મિત્રોના સંપર્ક નંબર અને અગત્યના ફોન નંબર સાથેની અપડેટેડ ડિરેક્ટરી એક સપ્તાહમાં તૈયાર કરવા સૂચનાઓ આપવામાં આવી હતી, જેથી આપત્તિના સમયે તાત્કાલિક સંપર્ક અને બચાવ કામગીરી સરળ બને.તે ઉપરાંત NCC અને NSSના યુવાનોની માહિતી અને સંપર્ક વિગતો તૈયાર રાખવા પણ જણાવાયું હતું,

ડૉ. રવિએ જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા સ્તરે કંટ્રોલ રૂમ, બોટ, જનરેટર, હેમ રેડિયો, સેટેલાઈટ ફોન અને અન્ય ઉપકરણોની ટેસ્ટિંગ તથા ચકાસણી કરી લેવા સૂચનાઓ આપી હતી. સાથે જ શેલ્ટર હોમ, શાળાઓ, ડેરી અને અન્ય સરકારી ઈમારતોની પણ ચકાસણી કરીને જરૂર પડે ત્યારે આશ્રયસ્થળ તરીકે ઉપયોગ કરી શકાય તેવી તૈયારી રાખવા ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નાળા, કાંસ, કેનાલ અને તળાવોની સફાઈ સમયસર પૂર્ણ થવી જોઈએ તેમજ જોખમી અને જૂના મકાનોનું મેપિંગ કરીને પૂર્વ સાવચેતીના પગલાં ભરવા જરૂરી છે. બેઠક દરમિયાન રાહત કમિશનર રાજેશ માંજુએ જણાવ્યું હતું કે આપત્તિથી બચવા માટે અસરકારક એક્શન પ્લાન અત્યંત જરૂરી છે. તેમણે પ્રિપેર્ડનેસ, રિસ્પોન્સ, રિકવરી અને મિટિગેશન જેવા પાસાઓને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

## BUSINESS મિત્ર

### આગામી ચાર વર્ષમાં શેરબજારમાં રોકાણકારોની સંખ્યામાં વધારો થશે

# ૨૦૩૦ સુધીમાં યંગસ્ટર્સ બજાર ગજવવાના છે

**ફ્યુચર** એન્ડ ઓપ્શન ટ્રેડિંગમાં યુવાનોનો ક્રેઝ વધ્યો

**૨૧ કરોડથી** વધુ ડિમેટ ખાતા સાથે યુવાનો હવે એફઆઇઆઇને પણ ટક્કર આપી રહ્યા છે

મુંબઇ, તા. 16. શેરબજારમાં છૂટક ભાગીદારી સતત વધી રહી છે. વાત હવે મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપીમાં રોકાણ કરવા પૂરતી મર્યાદિત નથી રહી પરંતુ ઘણા યુવાનો શેરબજારમાં કારકિર્દી બનાવવા માંગે છે. આંકડા બતાવી રહ્યા છે કે શેરબજારમાં 30 વર્ષથી ઓછી ઉંમરના યુવાનોની ભાગીદારી વધી રહી છે અને વર્ષ 2030માં એટલે કે આગામી ચાર વર્ષમાં બજારમાં વેપારીઓની સંખ્યામાં મોટો વધારો થવા જઇ રહ્યો છે.

એપ્રિલ 2026 સુધીના ડેટા મુજબ, ભારતમાં ડિમેટ ખાતાઓની કુલ સંખ્યા 21.6 કરોડને વટાવી ગઇ છે. તેમાંથી સક્રિય રોકાણકારોની સંખ્યા લગભગ 12.9 કરોડ છે. આ જ કારણ છે કે છેલ્લા બે વર્ષથી એફઆઈઆઈનું વેચાણ હોવા છતાં, રિટેલ રોકાણકારોના બળે ભારતીય બજારમાં કોઇ મોટો ઘટાડો થયો નથી.

શેરબજારના ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સમાં યુવાનોની ભાગીદારી સતત વધી રહી છે. એનએસઈના આંકડા મુજબ કુલ રોકાણકારોમાંથી માત્ર 1.6 ટકા એટલે કે લગભગ 21 લાખ લોકો માત્ર એફએન્ડઓમાં જ સક્રિયપણે વેપાર કરે છે. અંદાજે 6.6 ટકા રોકાણકારોએ ગયા વર્ષ દરમિયાન ઓછામાં ઓછા એક વખત એફ એન્ડ ઓ પર હાથ અજમાવ્યો છે.

જોકે, સેબીએ ફ્યુચર્સ અને ઓપ્શન ટ્રેડિંગ વિશે અનેક વખત નવા ટ્રેડર્સને ચેતવણી આપી છે અને પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન સેક્શનમાં દર 10માંથી 9 ટ્રેડર્સ ખોટ કરી રહ્યા છે અને આ નુકસાન સરેરાશ 50000 રૂપિયા છે. આ હોવા છતાં, યુવાનો ફ્યુચર્સ અને ઓપ્શન ટ્રેડિંગ શીખવા માંગે છે.

માર્કેટ એક્સપર્ટ્સ અને ઈકોનોમિક સર્વે અનુસાર, ભારતમાં લગભગ 9થી 10 ટકા વસતિ હાલમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શેરબજાર સાથે જોડાયેલી છે. ફ્યુચર્સ અને ઓપ્શન્સ વિભાગમાં પણ કેટલીક ભાગીદારી આવી રહી છે.

એવો અંદાજ છે કે 2030 સુધીમાં આ ભાગીદારી વધીને 15થી 20 ટકા થઈ શકે છે. નાણાકીય સાક્ષરતા અને ડિજિટલ પ્લેટફોર્મની સુલભતા તેને વધુ વેગ આપી રહી છે. ટ્રેડિંગ સામગ્રી હવે સહેલાઈથી ઉપલબ્ધ છે, જે નવા વેપારીઓ માટે શીખવાની સુલભ બનાવે છે, પરંતુ તે નકારી શકાય નહીં કે ટ્રેડિંગ શીખવામાં સમય લાગે છે. યુવાનોમાં વેપારને લઈને એક અલગ તરંગ છે. 2019માં 30 વર્ષથી ઓછી ઉંમરના રોકાણકારોનો હિસ્સો 22.6 ટકા હતો, જે 2025ના અંત સુધીમાં વધીને 38.9 ટકા થઈ ગયો છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૨૭૪૦ |
| તેજાબી સોનું | ૧૬૨૬૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૬૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૯૪૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૨૭૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૧૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૩૨૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

# બેરોજગારીનો ગ્રાફ ઊંચો ગયો: એપ્રિલમાં આંકડો 6 મહિનાની ટોચે

**ગામડાઓમાં** રોજગારી ઘટી પણ શહેરોમાં સુધારો

નવી દિલ્હી, તા. 16. દેશમાં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોનો બેરોજગારી દર એપ્રિલમાં વધીને 5.2 ટકા થયો હતો. છેલ્લા છ મહિનામાં આ સર્વોચ્ચ સ્તર પર છે. માર્ચમાં આ દર 5.1 ટકા હતો. અગાઉ ઓક્ટોબર 2025માં બેરોજગારીનો દર 5.2 ટકા નોંધાયો હતો.

સરકારી આંકડા અનુસાર લેબર ડિપાર્ટમેન્ટના સર્વેક્ષણ મુજબ, શેહરી વિસ્તારોમાં બેરોજગારી દર માર્ચમાં 6.8 ટકાથી ઘટીને એપ્રિલમાં 6.6 ટકા થયો છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે 4.3 ટકાથી વધીને 4.6 ટકા થયો છે. દેશભરના 374243 લોકો પાસેથી એકત્રિત કરવામાં આવેલી માહિતીના આધારે આ સર્વે તૈયાર કરવામાં આવ્યો છે.

પુરૂષોમાં બેરોજગારી એપ્રિલમાં 5.1 ટકા હતી, જે માર્ચમાં 5 ટકા હતી. ગ્રામીણ પુરૂષ બેરોજગારી દર 4.4 ટકાથી વધીને 4.7 ટકા થયો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં તે 6.1 ટકાથી ઘટીને 5.9 ટકા થયો છે. મહિલા બેરોજગારી માર્ચમાં 5.3 ટકાથી વધીને 5.4 ટકા થઇ ગઇ છે.

ગ્રામીણ મહિલાઓમાં રોજગારીનો દર વધીને 4.4 ટકા થયો છે, જ્યારે શહેરી મહિલા બેરોજગારીનો દર ઘટીને 8.5 ટકા થયો છે. ગત વર્ષે એપ્રિલ પછીનું આ સૌથી નીચું સ્તર છે. મહિલા ભાગીદારી ગુણોત્તર એટલે કે કાર્યકારી વસતિનું પ્રમાણ એપ્રિલમાં 52.2 ટકા હતું. જે માર્ચમાં 52.6 ટકા હતું. શહેરી વિસ્તારોમાં તે 46.8 ટકા પર સ્થિર રહ્યો છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે ઘટીને 54.9 ટકા રહ્યો છે. એલએફપીઆર (લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ) માર્ચમાં 55.4 ટકાથી ઘટીને એપ્રિલમાં 55 ટકા થયો હતો.

તે ગ્રામીણ વિસ્તારોમાં 57.5 ટકા અને શહેરી વિસ્તારોમાં 50.1 ટકા હતું. 15 વર્ષ અ તેથી વધુ વયની મહિલાઓ માટે શ્રમ બળની ભાગીદારી દર માર્ચમાં 34.4 ટકાથી ઘટીને એપ્રિલ 2026માં 33.9 ટકા થયો છે. ગ્રીણ મહિલાઓ માટે એલએફપીઆર 38.2 ટકા અન શહેરી મહિલાઓ માટે 25 ટકા નોંધાયું હતું.

# ટેકનિકલ ખામીને લીધે રિફન્ડ ફગાવી ના શકાય

### નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...** ઈશ્વર રૂદલાલ

વેપારી દ્વારા રિફન્ડની મુકરર ફોર્મમાં અરજી કરવામાં આવે છે. પરંતુ પોર્ટલ ઉપર અમુક દસ્તાવેજ ટેકનીકલ ખામીને લીધે અપલોડ ન કરી શકતા અરજદારની રિફન્ડની અરજી નકારવામાં આવે છે ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટે અગાઉના ચૂકાદાને અનુસરીને ખૂબ જ ઉમદા ચૂકાદો આપી અરજદારને રિફન્ડના દાવા માટે ખાતા સમક્ષ રૂબરૂ હાજર થઈ અથવા ઓનલાઈન નવી અરજી કરવા સૂચવ્યું ખેર ! નામદાર ગુજરાત હાઈકોર્ટના મે.જ્યોતિ એગ્રો વિ. ડેપ્યુટી સ્ટેટે કમિશનર-સ્પે. સી. એપ્લી.નં. 5982/2023ના તા. 8-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હક્કીત...

અરજદાર દ્વારા ઓકટોબર 2021થી મે, 2022ના સમયગાળા માટે રિફન્ડની અરજી કરવામાં આવી હતી. નિકાસનો સપ્લાય હોવાથી, IGST ભર્યા વગર ઝીરો રેટેડ સપ્લાય હોવાથી નમૂજના RFD-01ના ફોર્મમાં GST પોર્ટલ ઉપર અરજી કરી જેમાં નિકાસના શિપીંગ બિલ અરજદાર GST પોર્ટલ પર અપલોડ ના કરી શકયા કારણ કે દસ્તાવેજ સ્કેન કર્યા બાદ GST પોર્ટલ પર નક્કી કરેલ લીમીટ પાસ કરી ગયા હતા.

અરજદાર દ્વારા નાયબ કમિશનરશ્રીને દસ્તાવેજ રૂબરૂ આપવા પ્રયત્ન કર્યો પરંતુ તેનો અસ્વીકાર કરીને RFD-08માં રિફન્ડ કેમ નકારવું નહીં તેની કારણદર્શક નોટિસ પાઠવી તો અરજદારે તેના જવાબની સાથે ઈલેક્ટ્રોનીકલી શીપીંગ બીલ અપલોડ કર્યા પરંતુ અધિકારી દ્વારા યોગ્ય સોગંદનામા તથા પરિપત્રનાં 125/44/2019 GSTનું ઉલ્લંઘનનું કારણ દર્શાવી અરજી નકારવામાં આવી અને અરજદારે ફરી અરજી કરવા અસમર્થક અને 'એની અધર' વિકલ્પમાં અરજી કરતા તે ખામીયુકત જાણી ફગાવવામાં આવી જે સામે અરજદારે ના.હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી.

દલીલ...

અરજદાર દ્વારા GST પોર્ટલની ખામી અને દસ્તાવેજ ચઢાવવામાં આવતા અવરોધ દર્શાવીને દલીલ કરી કે ટેકનીકલ ખામીને કારણે રિફન્ડ નકારી ના શકાય.

ચૂકાદો...

ના.હાઈકોર્ટ દ્વારા આજ કોર્ટના મે.રેણુકા સુગર લી.ના તા. 13-7-23ના ચૂકાદા પર આધાર રાખવામાં આવ્યો જેમાં કો-ઓર્ડીનેટ બેન્ચ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે...

અરજદાર પાસે રિફન્ડમાં એની અધરે કેટેગરી સિવાય અરજી કરવા સિવાય બીજો વિકલ્પ ન હતો. અને અમારા મને જ્યારે મોટા ભાગની શરતોનું પાલન કરવામાં આવ્યું છે ત્યારે માત્ર ટેકનીકલ કારણોસર વેપારીનો રીફન્ડનો દાવો નકારી શકાય નહીં. અને...

ના.હાઈકોર્ટે સદરહુ ચૂકાદા અને અરજદારની એફીડેવીટ ધ્યાને લઈ અરજદારને ખાતા સમક્ષ નવી અરજી રૂબરૂ અથવા ઓનલાઈન અરજી કરવા ફરમાવ્યું અને સ્પષ્ટ કર્યું કે અરજી બાબતે સમયમર્યાદાનો કોઈ વાંધો ઉઠાવવામાં આવશે નહીં.

# ટાટા સ્ટીલે રૂ. 2926 કરોડનો નફો કર્યો

**કંપનીએ** શેરદીઠ રૂપિયા 4 ડિવિડન્ડની જાહેરાત કરી

મુંબઇ, તા. 16. ટાટા ગ્રુપની ફલેગશીપ કંપની ટાટા સ્ટીલ ચોથા કવાર્ટરમાં પરિણામ જાહેર કર્યા છે. 31 માર્ચ 2026ના રોજ પુરા થયેલા કવાર્ટરમાં કંપનીને રૂ. 2926 કરોડ રૂપિયાનો નફો થયો છે. ખાસ વાત એ છે કે કંપનીનો ચોખ્ખો નફો 125 ટકા વધ્યો છે. કંપનીએ ગત વર્ષના સમાનગાળામાં રૂ. 1301 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. ટાટા સ્ટીલે તેના શેરધારકોને શેરદીઠ રૂ. ચારના ડિવિડન્ડની જાહેરાત કરી છે.

સ્ટીલ ઉત્પાદકની ઓપરેટીંગ આવક નાણાકીય વર્ષ 2026ના ચોથા કવાર્ટર ગાળામાં 13 ટકા વધીને રૂ. 63270 કરોડ થઇ છે, જે નાણાકીય વર્ષ 2025ના ચોથા કવાર્ટરમાં રૂ. 56218 કરોડ રૂપિયા હતી.

જોકે, ટાટા સ્ટીલના શેરનો ભાવ છેલ્લે 2 ટકા ઘટ્યો હતો. જ્યારે ગત કવાર્ટરની દ્રષ્ટિએ જોઇએ તો નફો 9 ટકા વધ્યો હતો, જ્યારે 11 ટકા વધ્યો છે.

ટાટા સ્ટીલે શેરદીઠ ચાર રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી છે અને 6 જુલાઇ, 2026ની રેકોર્ડ તારીખ નક્કી કરી છે. કંપનીએ કવાર્ટર દરમ્યાન રૂ. 3655 કરોડ અને વર્ષ માટે રૂ. 14026 કરોડનો મુડીખર્ચ કર્યો છે. ચોખ્ખુ દેવું વાર્ષિક ધોરણે રૂ. 2285 કરોડ રૂપિયા ઘટીને રૂ. 80144 કરોડ થયું છે.